प्रिया वियोगी पर्व.

આવૃત્તિ ૨ જી. પ્રત-૧૦૦૦

છપાવી પ્રસિદ્ધ કર્તા.

એક વિયોગી.

અમદાવાદ—'એંગ્લોવર્નાક્યુલર'
પ્રિન્ટિંગ પ્રેસ.

સને ૧૮૯૦—સંવત ૧૯૪૬

મુલ્ય ૪ પાઈ.

प्रिया वियोगी पर्व.

દોહરો.

"હસું તો દુઃખ ન વીસરે
રોઉં તો બળ ઘટી જાય
મનનું મનમાં સમજવું
ઘણુ લાકડને ખાય."



પ્રિયા વિયોગી પર્વ.

પ્રિયા સૌન્દર્ય.

રાગ—ઝીલ્લો એકો.

(મેરેરે ગીરધર ગોપાલ એ રાગ.)

ચંદ્ર વદન જોઈ પ્યારી, વ્યગ્ર ચિત્ત થાય;

ભ્રગુટીની વક્રતાએ, છિન્ન ભિન્ન કાય. ચંદ્ર.
સ્નેહનાં ભરેલાં તારાં, નેણ હસે પ્યારી;
વાગે શિર મને પ્રિયે, તેનાં તીર કારી. ચંદ્ર.
નથની નાકે નીહાળતાંરે, શુક પાડે ચીસ;
વચનાંમૃત તારાં સુણી, કોયલ કરે રીસ. ચંદ્ર.
દંત દીસે દાડમ કળી, પલ્લવ હોઠ જાણુ;
ગાલ તણી શોભાનુંરે, શું કરું વખાણુ. ચંદ્ર.
કમ્બુજ કંઠ જાણુ બહુ, શોભે તારાં સ્તંન;
ઉચડતાં ગુલાબ પુષ્પ, લેવા થાય મન. ચંદ્ર.
રોમાવલી તણી પ્યારી, શોભા સારી લાગે;
કામ મંદીરની સીડી છે, એવું મને લાગે. ચંદ્ર.
કેસરીરે કટી જોઈ, વનમાં તે તો ગાજે;
હંસ સમાન ચાલ જોઈ, હંસણીઓ લાજે. ચંદ્ર.
પ્રેમ ભરેલ વચન તારાં, આવે મને યાદ;
પ્રેમ બાણ તનમાં ભોક્યાં, શું થશે ઉન્માદ. ચંદ્ર.

સ્મિત હાસ્ય પ્યારી મારૂં, રૂદય વ્યગ્ર કરતું,
સાળુંમાં સંતાએલું, તે મમ હૃદય હરતું. ચંદ્ર.
તાપ મળે તનનાં મારા, પાણી તેને છાંટો;
શાન્તિ વળે તેથી તનને, કાંઈ આવે કાંટો. ચંદ્ર.
આજે તો મેં નિશ્ચય કર્યો, હવે મળશે સુખ;
આવી પ્રિયા પલંગમાંરે, ટાળશેજ દુઃખ. ચંદ્ર.
મીઠા મેવા સુખડીયો, સામ સામાં લેશું;
પ્યારીને તો સ્નેહ કરી, આલિંગનરે દેશું. ચંદ્ર.
એતો મનની મનમાં રહી, શોક મનમાં ભરીયો;
અહો પ્યારી તારા વિના, દીલમાં દુઃખ દરિયો. ચંદ્ર.
હવે તો હે ચંદ્રમુખી, પીડ મારી કાપો;
ગુલાબ પુષ્પ આપું બાળિ, સુરત સુખ આપો. ચંદ્ર.

પ્રિયા વિયોગી પર્વ.

સંક્રાન્તિ આવી સારી, સુખ પામે નરનારી;
જો હોય પલંગે પ્યારી, તો દુઃખ દઉં વિસારી.

તીલ દાન દે સૈ। લોક, જોઈ થાય ગને શોક,
બિલ્વ તુલ્ય પયોધરે, અનંગ દુઃખી કરે.
મમ હૃદય ભરાઈ જાયે, કાળજામાં કાંઈ થાયે,
ન કરવું ઘટે આમ, પ્યારી આવો આ ધામ;
આવી પાંચમ વસંત, ક્રુર પીડે છે અનંગ,
માર માર મારે પ્યારી, વેરી કાયા બાળે મારી.
પ્રિયા દગો તમે દીધો, પ્રીતિથી ધાએલ કીધો,
લાય સળગી તન તમામ, પીડે છે વેરી કામ,
ન પ્રિયાવિના રહેવાય, અફસોસી અતી થાય,
અંગ બળે હાય મારૂ, કોણ રૂઝવે કામ ધારૂં.
લઘુ કુચ શાલિની, આવી છે હુતાશની,
ઉડે છે બહુ રંગ, જોઈ જાગે છે અનંગ;
પતિ પત્નિ કરી વાહાલ, છાંટે પ્રિતે ગુલાલ,
ભરીને પીચકારી, છાંટે ઉમંગે વારી;
બીજાયે પ્યારી જ્યારે, લાવ લીધો જાણ્યું ત્યારે

વિનંતિ ઉર ધરો, ઉમેદ પુરી કરો;
બજેવ આવી સારી, પ્રીતેથી નર નારી,
ઉત્સાહ ધરીને મંન, રાંધે છે સુ ભોજન.
અરે હે પ્રાણુ પ્યારી, આપો તૃષા રહે વારી,
હવે તો ક્ષુધા ધરી, આવોને મેહેર કરી;
જીવન જંપે પ્યારી આજે, નીરથી છુંટું મીન દાઝે,
ભર દરિએ વાહાણુ ડોલે, દિનકર નડે બૌરવ ઘોળે.
આ દશેરાની રાતે, મીઠાઈ લાવ્યા તુજ માટે,
આવ્યો મેડીની માંહી, પ્રિયા તું નોહોતી ત્યાંહી
મૃગનેણી આંખ તારી, અતિ છે કામણુગારી,
લાગી છે પ્યારી તારી, મારા મનમાં આનંદ ભારી.
દ્રષ્ટિને દીલ ખેંચાય, હૃદય તરંગ ગોથાં ખાય,
આવીને પ્રાણુ પ્યારી ઉચ્છંગ દો શણુગારી;
અરે શુણો જે બાળિ આવીછે રે દીવાળી,
અધર પાન સુખ આપી, મમ દુઃખ નાંખો કાપી.

વિનંતિ શુણી ગાડરી, આવ્યાં છે બાણુ પ્યારી,
દીલની ખુશાલી હોળી પ્રિયાને ખુબ ચોળી;
હૃદય સ્પર્શ થતાં પ્યારી, મદન બાણ વાગે ભારી,
ખેલ રમ્યો પ્યારિ સંગ, અદ્ભુત ઉઠ્યો અનંગ.
હવે સુખ પામ્યો સુખ, ટળ્યું રે મારું દુઃખ,
ગુણ લાભ બહુ થયા. સુખથી અમે રહ્યાં.



